[illegible]

મજનૂં જોગી

અને

ફિરિશ્તો

લખનાર અને પ્રસિદ્ધ કરનાર

[illegible]ર - જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી,

ચિત્રાલ, તા. પાદરા. (વડોદરા રાજ્ય.)

સોલ એજ[illegible]ન્ટઃ-

જીવનલાલ અમરશી મહેતા,

અહમદાબાદ.

કિંમત આઠ આના.

.વમાવૃત્તિ

ઑક્ટોબર, ઈ. સ. ૧૯૧૬ કાર્તિક, વિ. ૨

છાપનાર

મોતીલાલ શામળદાસ પટેલ,

ધિ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કમ્પની લિમિટેડ

ટંકશાળ, અમદાવાદ

अर्पणपत्र

પ્રેમસ્વરૂપ કલાપીદેવની પવિત્ર સેવામાં

મહારાજ !

મજનૂંની પ્રેમભાવના આપની રગેરગમાં ફૂલેલી છે. વેદાન્ત, સૂફી ઈશ્ક અને બાઈબલનું રહસ્ય, એ ત્રણેની સુન્દર એકવાક્યતાનું અભેદી યજ્ઞોપવીત આપ મહાનુભાવે આ દાસને તેમ ઘણાંઓને આન્તરમાં ધારણ કરાવ્યું છે. આપ ગૂજરાતના મજનૂં છો. જ્યારે આપનાં જ સ્વપ્નમાં વખ્તોવખ્ત આવતાં અને આપના દ્વારા જ દાસ દીક્ષિત થતો હતો, ત્યારે લખાયલા આ સંવાદની સાથે આવું અર્પણપત્ર જોડવાનો વિધિ થાય છે. બાકી વસ્તુમાં તો, પ્રભો ! બધૂં આપને સમર્પિત જ છે. ॐ ॥

આપ મહાનુભાવનું નમ્ર બાલક

સાગર. ॐ ॥ પ્રેમ ! શાન્તિ !

પ્રેમ ! આનન્દ ! શાન્તિ !

ઈ. સ. ૧૯૦૯ની આખરે લખાયલો આ **સંવાદ** **આશકોની** હુઝૂરમાં રુજૂ કરતાં કાંઈ વિશેષ કહેવાની જરૂર નથી; કેમકે, આશક જ્યારે **સાચો જ** **આશક** પૂરવાર થાય છે, ત્યારે ખુદ **ઈશ્ક** તેના આન્તરમાં નવી **ઝિન્દગાનીની** છુપી વાતો ગેબી રીતે દાખલ કરી દે છે, અને તે એવા **ચિન્તનમાં** રોકાઈ જાય છે કે તેને બહારની શાયરી બોલવાની કે સાંભળવાની બહુ ઓછી ફુરસદ અને ગરઝ રહે છે. માત્ર એટલી જ સૂચના સાંભળનારને માટે બસ છે કે **મજનૂં પ્રેમનો** **જોગી છે**, **હક્કનો બાવો છે**, બધી વાસનાઓની સામે લ્હડીને એ બલાઓથી **મુક્ત** થવાની તૈયારીમાં છે. તેની અને **પૂર્ણતાની** વચ્ચે ગોયા ઝીણામાં ઝીણી મલમલનો એક બારીક પડદો જ છે.

અને, એટલૂં તો હરેક વિચારશીલ હૃદય જોઈ શકે કે જ્યાં સુધી આપણે દેહની, દુનિયાની કે ઇતર કોઈ પણ વાસનાની તૃપ્તિ પાછળ ભમતા હોઇયે ત્યાં સુધી **જોગીના જોગનો** પાર પામી શકીએ નહીં, કેમકે,

મજનૂં જેવાની વાતો કલા કે કલ્પનાથી કદાપિ પામી શકાતી નથી. મજનૂંને પિછાનવાને તો જાતે મજનૂં થવૂં પડે છે. જ્યાં શ્રદ્ધાનો સંસ્કાર અને પરિપાક થયેલો છે ત્યાં તો ટૂંકામાં જ સમજી શકાય છે કે મીરાં અને નરસિંહ જેવાંને પત્થરની એક મૂર્ત્તિમાં પ્રભુની ભાવના ફળે છે અને માટીની મૂર્ત્તિમાં એકલવ્ય જેવાને ગુરુની ભાવના ફળે છે તો મજનૂંને પોતાના પ્રભુની ભાવના એક ચૈતન્યમૂર્ત્તિમાં શા માટે ન ફળે – જો ભાવના શરીરથી ને જગત્થી પર અને સતત હોય તો ?

ઈશ્કના નામ નીચે સૂફીના પોશાકમાં આજકાલ તો લાખો લીટીઓ બહાર પડે છે અને તેની સામે ગૂજરાતના પ્રસિદ્ધ કવિઓ અને વિવેચકો વાજબી રીતે અરુચિ બતાવે છે. ગઝલો રચવાથી જ માણસ મજનૂં થઈ શકતૂં નથી, પણ ચિન્તન, મનન ને નિદિધ્યાસનથી અને શમ, દમ, તિતિક્ષા, ઉપરામ, અને શ્રદ્ધા વગેરે સાધનોથી જ પ્રાકૃત મનુષ્ય મજનૂંનો વિકટ માર્ગ પામી શકે છે, એ વારંવાર આગ્રહથી વિચારવાની અને સમસ્ત જીવનને એવૂં લેહલીન ને અશરીર અનુભવવાના પૂર્ણ પુરુષાર્થ જરૂર છે. ॐ ॥

પરમાત્મા સર્વત્ર કલ્યાણ કરો ! इति शिवम ॥

૧૧મી ઑક્ટોબર : ૧૯૧૬
ચિત્રાલ, તા. પાદરા ;
(વડોદરા રાજ્ય.)

सागर. ॐ ॥ શાન્તિ !

ॐ

સાગરનાં પુસ્તકોની યાદી

મજનૂં જોગી અને ફિરિશ્તો	....	રૂ. ૦–૮–૦
દીવાને સાગર	....	૨–૮–૦
નારદ ભક્તિસૂત્ર	....	મફત પોસ્ટેજ ૦–૦–૬
સ્વીડનબોર્ગનું ધર્મશિક્ષણ	....	૦–૨–૦
ગૂજરાતી ગઝલિસ્તાન ગ્લેઝ્ડ (મળતું નથી.)		૧–૪–૦
,, સસ્તી આવૃત્તિ	....	૦–૧૨–૦
ગૂજરાતીમાં ગઝલનું સાહિત્ય		૦—૪–૦
કલાપી અને તેની કવિતા	....	૦–૧૨–૦
થાકેલું હૃદય	(મળતું નથી.)	૦–૧૨–૦
બીજી ઔદ્યોગિક પરિષદ	....	૦—૩–૦
સ્નેહજીવનની વિચારણા	....	હવે પછી.

લખો :-

મણિભાઇ દામોદરદાસ ત્રિપાઠી,
ઠે. બહાદુરગંજ ; મુ. પાલણપુર.
(ઉત્તર ગૂજરાત.)

અથવા :-

જીવનલાલ અમરશી મહેતા,
ઠે. પીરમશાહરોડ ; અહમદાબાદ.

مجنو جوگی و فرشتہ

મજનૂં જોગી

અને

ફિરિશ્તો

પાત્રોની પિછાન

મજનૂં જોગી :

'મજનૂં' શબ્દનો અર્થ 'દીવાનો – આશક' એવો થાય છે. લેલાંમજનૂંની પ્રેમકથા ઉર્દૂ અને ફારસી સાહિત્યમાં બહુ જાણીતી છે. મજનૂંનું અસલ નામ કૈસ, અને ગઝનવી બાદશાહના એ શાહઝાદા; લેલાં મિસરના કાઝીની દીકરી. જન્મથી જ કૈસને આ દુનિયાની ફાની ચીઝો ઉપર બિલ્કુલ પ્રીતિ થતી નહીં. લેલાંને જોતાં જ મજનૂંમાં પૂર્વસ્મૃતિના સંસ્કાર જાગી ઉઠે છે અને

તેના આત્મામાં એને કંઈ અનિર્વાચ્ય દર્શન થાય છે. તે તેને ચાહે છે–પૂજે છે. પ્રેમનૂં આવૂં પ્રકટીકરણ દુનિયાદારીને પાલવતૂં નથી. મીરાંબાઈની પેઠે મજનૂંને ઝહરનો પ્યાલો મોકલવામાં આવે છે. પ્રેમના નામથી એ ઝહરનો પ્યાલો પી જાય છે, છતાં શરીર મરતૂં નથી. કાઝીને બહુ નવાઈ લાગે છે. લૈલાં તથા મજનૂં બન્નેને એકાન્તમાં જોવાને એ તક મેળવે છે. બન્નેની શરીરથી પર– કેવળ અલૌકિક પ્રીતિભક્તિની એને ખાત્રી થાય છે : છતાં, દુનિયાની ઈઝ્ઝત આબરૂને લીધે એનાથી એ પ્રીતિભક્તિ સહી શકાતી નથી. મજનૂંને સુતો મૂકીને કુટુમ્બ સાથે કાઝી રાતોરાત મક્કા તરફ ચાલ્યો જાય છે. સ્હવારમાં ઉઠતાં જ મજનૂં, લૈલાં વગરના ઘરને અગ્નિના ભડકા જેવૂં ભયંકર જુવે છે અને જે રસ્તે કાઝી ગયેલા તે રસ્તે એકદમ દોડવા માંડે છે. ‘લૈલાં–! લૈલાં–!’ પુકારતો મજનૂં દીવાનો મક્કાને રસ્તે ત્રણેક મઝલ પર દોડતો દોડતો ગાડાની નઝદીક આવી પહોંચે છે. દૂરથી મજનૂંને આવતો

જોઈને, કાઝી લેલાંને સમજાવે છે કે 'મજનૂંને હમણાં અહીં ઠેરવાનું કહે; આપણે થોડા જ વખ્તમાં એને આવી મળીશું.' લેલાં મજનૂંની પાસે જાય છે અને એને વિનવે છે કે 'મ્હારી તો જીભ ઉપડતી નથી, પણ મ્હારા બાપનું કહેવૂં એવૂં છે કે તમે હમણાં અહીં ઠેરો – હૂં તમને જરૂર જ થોડા વખ્તમાં અહીં આવીને મળીશ – ત્યારે તમે અહીં ઠેરો.' મજનૂંને એવી વિનન્તી કરીને લેલાં પોતાના બાપની સાથે મક્કે જાય છે. 'તમે અહીં ઠેરો' એ લેલાંનાં શબ્દોમાં મજનૂં હમેશની પેઠે અલ્લાહને જ સાંભળે છે અને એ શબ્દોને અક્ષરે અક્ષર પ્રમાણે અમલમાં મૂકવાનો ઠરાવ કરે છે. અહીં એટલે એ જ જગાએ – એક તસૂ પણ ખસ્યા વિના – જે ઝાડને અઢેલીને એ ઉભેલો તે જ ઝાડને આશરે 'લે .... લ્! ... લે .... લ્! .... –' પુકારતો મજનૂં તપ્યાં કરે છે. મજનૂંની તપશ્ચર્યાને કેટલોક કાળ વીતી જાય છે. ચિન્તન, મનન, નિદિધ્યાસન, ધ્યાન, ધારણા વગેરે – યોગની ભૂમિકાઓ

એને પ્રેમની લેહમાં ને લેહમાં સ્વતઃસિદ્ધ થાય છે અને સમાધિદશાનો સ્વાનુભવ થવા માંડે છે. એ દશામાંથી એને લલચાવવાને – એની કસોટી કરવાને સ્વર્ગનો એક ફિરિશ્તો આવે છે. એ ફિરિશ્તાની ને મજનૂ જોગીની આ વાતચિત છે .

ફિરિશ્તો :

સ્વર્ગના ફિરિશ્તાઓમાં ઈઝરાઈલ એક મુખ્ય ફિરિશ્તો છે અને એ મોતનો દૂત ગણાય છે . હિન્દુઓના પૂર્વજ આર્ય ઋષિઓ જ્યારે ખૂબ તપશ્ચર્યા કરતા , ત્યારે તપનો ભંગ કરાવીને એમને છળવા માટે ઈન્દ્રની અપ્સરાઓને મોકલવામાં આવતી . આવા દાખલા હિન્દનાં પુરાણોમાં મોજૂદ છે , અને એવી જ કામગીરી આ સંવાદમાં ઈઝરાઈલ બજાવે છે .

ગઝલ

કોઈ આશક ગિરફતારે ઈશકમેં જો પડા હોગા –
વો ઈઝરાઈલકે આનેસે પહેલે હિ મરા હોગા .
કોઈ૦

જો ઈઝરાઈલ આવેગા , તો આશક હઁસકે બોલેગા :–
‘ ગલી માશૂકકી હોગી , વહાં આશક પડા રહેગા .’
કોઈ૦

કહા હક્કને[1] ‘તૂં કર સિઝદા’[2]: તો મજનૂંને કહા હક્કસેઃ
‘ મેરા સિઝદા હૈ લેલાંકો ! ક્યા ઉસ્સેં તૂં બડા હોગા ?
કોઈ૦

‘ અગર સૂરત તૂં લૈલાંકી ખુદારા બનકે આ જાવે ,
‘ યહ સર તનસે જુદા કરકે તેરે આગે ધરા હોગા !
કોઈ૦

‘ નહીં ખાયશ[3] હૈ જન્નતકી[4] ! ન ખાયશ હૂર[5] ગિલમાંકી[6] !
‘મુઝે ખાયશ હૈ લેલાંકી ! મેરી લેલાં – મિલા મૌલા !
‘ તેરા અહેસાં[7] બડા હોગા ! ’ – કોઈ૦

૧. પરમાત્મા. ૨. નમન. ૩. ઈચ્છા. ૪. સ્વર્ગ.
૫. અપ્સરા. ૬. સેવકો. ૭. ઉપકાર.

ॐ પ્રેમધર્મ

'અલ્ ઇન્સાનો મીરઅતુલ્ ઇન્સાન.'
'અલ્ મિજાઝો કન્તર તુલ્ હકીકતે;
'અલ્ ઇશ્કો જુનોનુન્ રફ્દો બીના કુલ્ અકલે,
'અલ્ ઇશ્કો નારૂન ફિલ્કલ્બે તહરીરકો મા સેવલ્ મેહબૂબે.

(માણસ માણસને જોવાનો આયનો છે. ઇશ્કમિજાઝી એ ઇશ્કહકીકીની સીડી છે; ઇશ્કની દીવાનગી તો એનું નામ કે જે અકલની બધી વાતો રદ કરે છે; ઇશ્કનો અગ્નિ એવો છે કે જે મેહબૂબ યાને માશૂક વગર બીજી બધી બાબતોને જલાવી દે છે.) હદીસ શરીફ.

ૐ પ્રેમધર્મ

મજનૂં જોગી અને ફિરિશ્તો

સ્થળ : મિસરમાં એક જંગલ   સમય : મધ્યાહ્ન.

મજનૂં : લે....લૂ! ....લે....લૂ! ....લે.... લૂ! – –

ફિરિશ્તો : (મજનૂંનો આવાઝ કાને પડતાં સ્વગત) આ જ તે જંગલ! ને તે દરખ્ત[1] પણ આ જ! કોઈ ઈન્સાનના[2] ભાંગ્યાતૂટ્યા લફ્ઝનો[3] આ ભણકારો સંભળાય છે, તે

૧. ઝાડ. ૨ માણસના. ૩. શબ્દોનો.

મજનૂં જોગીનો જ આવાઝ હોવો જોઇયે.
ઓહો! – (ધ્યાનથી સાંભળે છે.)

મજનૂં: લે.... લૂ....! .... લે .... લૂ .... ! – –

ફિરિશ્તો: (સ્વગત) એ જ! એ જ! એ જ એ **મજનૂં જોગી**! અહા! ઓલિયો જ છે – ખરેખર ઓલિયો! **માશૂક**માં ને **માશૂક**માં ભેજુ ગુમાવ્યૂં ને **મહોબ્બત**ના તાનમાં ને તાનમાં જાત ગાળી નાંખી એ **મજનૂં જોગી** તે આ જ! આદમ જાત, જો કે, અંજામે કિસ્મતથી[1] બેમાલૂમ છે, મગર, બેશક! ઈશ્કનો **દા**વાનો આ અબધૂત ખાકી પણ કોઇ અજબ જ છે!

મજનૂં: લે.... ....લૂ.... ....! .... લે .... લૂ!

ફિરિશ્તો: (સ્વગત) આફ્રીન છે – આફ્રીન છે, **મજનૂં જોગી**! હઝારો વાર ત્હને આફ્રીન છે! બન્દગી છે ત્હારા પાક દિલના **અજબ**

૧. પ્રારબ્ધના પરિણામથી.

ઈશ્કને ! આહા ! **અનલહક્કનો**[૧] દંગો તે ઝમાનામાં પેલા **મસ્ત ફકીર મન્સૂરશાહે**[૨] ઉઠાવેલો અને તે વખ્તે બેહિશ્તમાં જેવો ખળભળાટ જાગેલો, તેવા જ હાલ ફિરિશ્તાઓની મહુફિલના અત્યારે આ જંગી **જોગીએ** કીધેલા છે ! મગર હરકત નહીં ! હરકત નહીં ! એના દિલની તાકાત કેટલી છે, એ હજી અઝમાવવૂં જોઇયે. અત્યારે એની મ્હારે કસોટી કરવાની છે. ઈશ્કનો રાહ તો ઘુમરી છે. જોઇયે એમાં ઈન્સાનની કૂચ ને એના દિલનૂં કૌવત ! (એની નઝદીક જાય છે.)

મજનૂં : લે .... લ્ .... લે.... લૂ ....! .... —

ફિરિશ્તો : (સ્વગત) સાબ્બાશ – સાબ્બાશ ! **મજનૂં જોગી** ! સાબ્બાશ ! આહાહા ! ઈશ્કનો જ જપ ને ઈશ્કનૂં જ તપ ! ફત્તેહ છે – ફત્તેહ છે, ઓ **જોગી** ! ત્હારી ઈશ્કપરસ્તીની[૩]

---

૧ **અદ્વૈત** પુકારનાર એક જીવન્મુક્ત. ૨. **સોઽહંનો** મંત્ર.
૩. **પ્રેમભક્તિની.**

તો હરહમેશ જ ફત્તેહ છે. મુબારક છે—મુબારક છે ત્હારી નેકી ને ત્હારી હયાઈ![1] હયાતી[2] તો, ઓ બિરાદર! ત્હારી જ. અને, તૂં દીવાનો? તૂં? નહીં! નહીં! તૂં દીવાનો નહીં! તૂં જ ફિરિશ્તો છે. અગર જો તૂં દીવાનો હોય તો અલ્બત્ત જે દીવાનો છે તે જ ફિરિશ્તો છે! ઓ ઈશ્કના દિલદરવેશ! ત્હને દીવાનો કહેનાર ડહાપણમાં ડુલેલો એ જ દુનિયાનો દીવાનો છે! યા અલ્લાહ! યા અલ્લાહ!

મજનૂં: લે.... લૂ.... લે .... લૂ.... લે ....લૂ! —

ફિરિશ્તો: (સ્વગત) વાહ! મજનૂં જોગી! વાહ! મગર શિતાબી[3] કરવી લાઝિમ[4] નથી. મ્હારા પયગામથી એના જિગરને હજી તો મ્હારે કસોટીમાં મૂકવૂં છે. એના સાચા રાહમાં જાણીજોઇને મ્હારે ફરેબીના કાંટા પાથરવા છે, ઝગઝગતા ને ઝૂઠા લિબાશમાં એની રૂબરૂ મ્હારે રિશ્વતો રુજૂ કરવી છે ને જોવૂં છે કે ઈશ્કની

૧. સહૃદયતા. ૨. જીવન. ૩. ત્વરા. ૪. ઉચિત.

દરિયાઈ સફરમાં એક આદમી પોતાના દિલનૂં જહાઝ ક્યાં સુધી ટકાવી શકે છે! (મજનૂંને.) અય મજનૂં – મજનૂં! (જોરથી બૂમ પાડે છે.) અય દીવાના! અરે ઓ મજનૂં દીવાના!

મજનૂં: (એની યોગસ્થ દશામાં) લે .... લૂ ....

ફિરિશ્તો: (તેના શરીર પરથી અને આસપાસથી જંગલી પાલો, વેલા ને પાંદડાં વગેરે ખસેડી નાંખીને તેના તરફ જોતાં સ્વગત) આહાહાહા! શૂં ઈન્સાનનૂં બદન! કેવા ખાખાવીખી હવાલ! ગોયા[1] હાડપિંજરનૂં જ ખોખૂં! અરેરે! શી આ ચામડી! શા માથાના બાલ! (મજનૂંને) રે – ઓ મજનૂં! મજનૂં દીવાના! (એનો હાથ પકડીને જોરથી હલાવે છે.)

મજનૂં: લે ... લૂ ... લે ... લૂ ... ... – (આંખ ઉઘાડીને તુરત જ ભેટવા માંડે છે, એને ફિરિશ્તો અટકાવે છે.) લે ... લૂ ...

1 જાણે.

મા ... લ ... ક! ... દિ ... લ્દા ... ર ...
લે ... લૂ ... ! – – (ફિરિશ્તાની સામે
નઝર કરતાં.) અરે – કોણ છો? તમે?
બાવા, તમે? તમે? ! હા ! લે ... લૂ ...
દિલ્દાર ! લે ... લૂ ! મા ... લક ... ! – –

ફિરિશ્તો : સબુર ! સબુર ! એ **દીવાના** ! સબુર !
હૂં તો ફિરિશ્તો છૂં ને બાગે બેહિશ્તથી[1]
ખુદ રબ્બનૂં[2] ફરમાન ત્હારે માટે લઇ
આવેલો છૂં. અય **દીવાના** ! તે **પાક**
પરવરદિગારની **નેક** હુઝૂરમાં ત્હારે હાઝર
થવાનૂં છે. તૈયારી કરી લે – તૈયારી કરી
લે, **મજનૂં દીવાના** ! ઝડપ કર ! **નેક**
નામ ખુદાનો **પયગામ** હૂં લાવેલો છૂં.
બિસ્મિલ્લાહ ! બિસ્મિલ્લાહ ! બિસ્મિલ્લાહ !

મજનૂં : લેલલ્હક[3] ! લેલલ્હક ! દિલ્દાર લે...લૂ !
લે... લૂ ! લે... લૂ ... ઉલ્હક – – –

---

૧. દેવોના બગીચામાંથી. ૨. પરમાત્માનૂં. ૩ 'લેલાં ! તૂં હિ સત્ !' એવો મંત્ર.

ફિરિશ્તો : આ શું લવે છે? દીવાના! સાંભળતો નથી? શિતાબી[1] કર! શિતાબી કર! ખુદાઈ પયગામ છે – સમજ્યો?

મજનૂં : સમજૂં તે શી રીતે? શું સમજૂં? સમજવાને તાકાત નથી મગઝમાં યા જગાહ નથી દિલમાં, બિરાદર! લેલ્–ઉલ્હક્ક! લે... લ્... લે... લુલ્હક્ક! મુબારક હો તમને તમારો બાગે બેહિશ્ત, ભલા ફિરિશ્તા! બેખબર દેખાવ છો તમે કે બાગે બેહિશ્તથી પણ અસલ જગાએ જ બન્દો ખડો છે! ને ખુદ માલેકના જ ખુદાઈ ફરમાનથી અહીં ઠેરેલો છે. માલેકના ખુદના તસવ્વરમાં[2] જ ગિરફતારી[3] છે ને અંજામનો પયગામ પહોંચાડવાને પણ માલેક ખુદ રૂબરૂ હાઝર થનાર છે. તૈયાર છૂં – તૈયાર છૂં–તે હરહમેશ નિગહબાન[4] દિલ્દાર નો પયગામ ઉઠાવવાને! લે... લ્... લેલ ...! – લેલલ્હક્ક! લેલલ્હક્ક!

---

૧. ત્વરા. ૨. ચિન્તનમાં. ૩. લીનતા. ૪ કૃપાળુ.

ફિરિશ્તો : (આંખો રાતી કરીને ઊંચા સાદથી – જાણે બહુ જ ગુસ્સે થયો હોય એવો દેખાવ કરીને.) અય બેવકૂફ! બેકદર! દીવાના! નાફરમાની કરે છે ખુદ ખુદાના હુકૂમની! માલેકની સત્તા શૂં તૂં જાણતો નથી? પતરાઝી કર ના! તે પાક પરવરદિગાર ત્હારો જ નહીં, મગર ઇન્સાન તમામનો, સારી આલમનો, અરે – ઝમીં, દરિયાવ ને કુલ આસ્માનનો પૂરેપૂરો ને ખરેખરો ખાવિન્દ છે. તેનૂં મ્હને ફરમાન છે, સમજ્યો? ખુદ હક્કનો હુકૂમ લઇને હૂં આવૂં છૂં. ઉઠ! ઉઠ! બેહયા! ઉઠ! નાદાની કર નહીં! યા રહીમ! યા રહીમ! યા રહીમ!

મજનૂં : તાજ્જુબ! તાજ્જુબ! ફિરિશ્તાના આ સુખુનથી[1] ઔર તાજ્જુબ છૂં! ઓ ભલા ફિરિશ્તા! મ્હારી બેવકૂફી ને નાદાની! હા! એ બેવકૂફી ને નાદાનીનો જ મ્હારા પર અહસાન છે કે જેણે આ ચશ્મેજિગરની જુગંજુગની તરસ

---

૧. શબ્દોથી.

ફિટાડી છે – ખુદ ખુદાઈ દીદારની ઝાંખી કરાવી છે. બિરાદર! તમારી યા સારી દુનિયાની લિયાકત યા દાનિયતથી મ્હારા રુહને ફાયદો કશો જ નથી. રે! નથી કોઈ વકૂફીની હવે ગરજ યા નથી ખાયેશ કોઈની પાસેથી હવે હયાઈ યા દાનાઈ મ્હડવાને! જાવ! ફિરિશ્તા તમે જાવ ને મ્હને મ્હારા હાલમાં જેમ છૂં તેમ રહેવા દો. લેલલ્લહફ... લેલલ્લહફ!

ફિરિશ્તો: એટલે?

મજનૂં: એટલે કશૂં જ નહીં, બિરાદર! કશૂં જ નહીં! કોઈ જુદા હક્કના હુકૂમની નથી ઇન્તેઝારી યા નથી કોઈ બીજા ખાવિન્દની તલાશ કરવાને બન્દાને કહીં ભટકવાનૂં! હક્કનો હુકૂમ તો લાધી ચૂકેલો છે અને તે પાક ફરમાન મુતાબિક[1] જ જિગર ઠેરેલૂં છે. ક્યાં જાઉં ને શૂં કરૂં, એવી કોઇ શકમંદ હાલત તો અહીં છે જ નહીં.

---

૧. અનુસાર.

હક્કનો હુકૂમ જ એવો છે, કે ખુદની રાહ જોતા અહીં ઠેરવું. જાવ, બિરાદર! જાવ! બહેતર છે કે તમે મ્હને છોડો ને રસ્તો પકડો. જિકર ના કરો, ઓ ભલા જિદ્દી! લેલૂ! લેલૂ! લે... લલ્હક્ક! –

ફિરિશ્તો : આવી બેવફાઇ? અય નાદાન! ખુદ પેદા કરનાર તરફ આવી બેવફાઇ? તે હરહમેશ મહરબાન માલેકની બુલન્દ[1] ખુદાઈનો તો જરા ખયાલ કર! ત્હને બેહિશ્તમાં લઇ ચાલવાને મ્હને ફરમાન થયેલૂં છે. ભલા! મઝેદારી છે ત્યાં! ને પરીઓ ને ગુલામોનો તો પાર નથી! છોડી દે બેવફાઈ ને ઉઠ! ઉઠ! મજનૂં!

મજનૂં : બિરાદર! બન્દો બેવફા નથી ને બેવફા થવાને જરા પણ ચાહતો નથી. 'બેહિશ્ત – બેહિશ્ત'[2] શૂં કરે છે તૂં, ફિરિશ્તા? ઇશ્કનાં મુબારક કદમથી પાવન થયેલી જગાહ આગળ ત્હારાં લાખો બેહિશ્તની કિમ્મત એક ફૂટલી કોડી

૧. ભવ્ય. ૨. સ્વર્ગ.

પણ નથી ! તંગી હોતી જ નથી
ત્હારા બેહિશ્તની કોઈ પણ સાચા
આશકને[1] ! મઝેદારી ખપતી નથી બીજી
ને જેમ છૂં તેમ અમનચમનમાં છૂં –
ઇશ્કદારીની યાદીમાં હરદમ ખુશબખ્ત છૂં .
હર્રાજ કરી દે ત્હારૂં બેહિશ્ત , ફિરિશ્તા !
જગાવી દે ઇશ્કની ધુની ને બની જા
આશક ! લે...લલ્હક્ક ! લે...લલ્હક્ક !

ફિરિશ્તો : ઓ ભૂલેલા આદમી ! ડહાપણ વાપરતાં
શિખ જરા , દીવાના ! રહમદિલીથી
ઇન્શાલ્લાહતાલાહ[2] જન્નત[3] બખ્શે છે
ત્યારે આપખુદીથી ગફલતમાં કાં પડે છે ?
મજનૂં ! ઉઠ ! ઉઠ ! ચાલ ! શામિલ થા !

મજનૂં : ભૂલેલો લાગે છે ત્હને આ ઇશ્કપરસ્ત
આદમી ? ઇઝરાઇલ ! માફી બખ્શો માલેક
આપણને બન્નેને ! મગર તૂંથી હવે આ
જિગર ફરી શકે એ આશા તો ફોકટ
છે , ફિરિશ્તા ! સબબ , જે બુલન્દ[4]

૧ . પ્રેમીને . ૨ . દયાલુ પરમાત્મા . ૩ . સ્વર્ગ .
૪ . ભવ્ય .

ખુદાઇની અને જે રહમદિલની તૂં વાત
કરે છે, તે જ મીઠી નઝર આ મુફલેસને[1]
તેણે રોશન કીધેલી છે અને તેના જ
તફક્કુરમાં[2] તે અહીં તપ્યાં કરે છે.
આપખુદી નથી, ઓ ભાઈ! આપખુદી
નથી! ને તેથી જ બીજા કોઇનો કાર
આ હયાને તો હરામ છે. વધારે ખલલ
ન કરો તો તમારી મહરબાની, ઇઝરાઈલ!
વાત કરીશૂં કોઈક વખ્તે જો માલેકને
ગમશે તો – કદાચ કયામતને રોજ!
સલામ! અત્યારે તો સલામ! ઓ
ઇઝરાઈલ! સલામ અલેકુમ!

ફિરિશ્તો: (જરાક હસીને!) ઓહો! ત્યારે તૂં
મ્હને પિછાની શકયો છે, કાં? મજનૂં
દીવાના! અને તો, બેહિશ્તના આ ખાસ
ફિરિશ્તા ઉપર તૂં ઇતબાર સુદ્ધાં રાખી
શકે; આ ત્હારો દોસ્ત છે અને તે ત્હારા
ભલામાં જ શામિલ હોય એ તૂં વિચારીને
તેની વાત નિગાહમાં લઇ શકે તો

૧. પામરને. ૨. ધ્યાનમાં.

સારૂ , બિરાદર ! આપણે છુટા પડીએ તે પહેલાં ત્હારૂં બહેતર મ્હારે ત્હને પૂરેપૂરૂં સમજાવવૂં જોઈયે . નહીં , નહીં ! હૂં જઈશ નહીં ; બેસીશ , અને ત્હને સમજાવીશ . (બેસે છે .) દિલના ઈરાદાથી તૂં ગુનહગાર નહીં હોય , મજનૂં ! તો ગફલતને લીધે યા કમઅક્કલને લીધે પણ શૂં તૂં ભૂલેલો નથી , વારૂ ? બિરાદર !

મજનૂં : અને તૂં મ્હને છોડવાનો નથી જ ? ઇઝરાઈલ ! ભલે ! જેવી **માલેક**ની મરઝી ! મગર મ્હારે ત્હને ખુલ્લૂં જ કહેવૂં લાઝિમ[1] છે કે ઇતબાર તો ત્હારી બેઇશ્ક[2] વાતો તરફ મ્હારા જિગરને બિલ્કુલ નથી . **આશક**ને મકાને તો **ઇશ્ક**ની **એક** જ **શ**હાનશાહતની અમલદારી ચાલે છે . **ય**કીન **તે**ના તરફ છે ને દિલ પણ કુલ **તે**નાથી જ ભરપૂર છે . ત્હારા પરના ઈતબારની સોહી અહીં કશી નથી. તૂં દોસ્ત હો યા દુશ્મન – જે હો તે ભલે

૧ . ઉચિત . ૨ . પ્રેમભક્તિ વગરની .

હો મગર દિલ્લગી[1]ના શોખ વગરનો લાગે છે તૂં! ને તેથી જ. ઓ બેહિશ્તના રહેનારા! ત્હારૂં સાંભળવાને આ દિલ તદ્દન નારાઝ છે. મ્હારૂં ભલૂં વિચારવાને કોઇયે તકલીફ ઉઠાવવાની કશી જરૂર નથી, ફિરિશ્તા! તે તો લેનાર હરદમ લેયાં કરે છે ને બિલ્કુલ થાકે એમ નથી. ભૂલેલો હૂં છૂં કે ભૂલાવવાને તૂં આવ્યો છે, એ તો ત્હારા ને મ્હારા કરતાં જાણનાર વધારે જાણે છે. હવે જ્યાદે તસ્દીનૂં શૂં કામ છે, ભલા?

ફિરિશ્તો : ભલે, મ્હારૂં અત્યારે તૂં ન સાંભળે, મજનૂં! પણ એક દિવસ એવો જરૂર આવશે, કે તૂં ત્હારી ગાફેલ હાલત માટે તોબાહ[2] પુકારીશ! અને એ વખ્ત આવે, તે અવ્વલ તૂં વિચાર કરે, એટલા માટે હૂં આવ્યો છૂં. રબ્બને[3] નારાઝ કરવાને તૂં હિમ્મત ધરી શકે છે, એ બહુ જ અજાયબી છે! યા રહીમતુલ્લાહ!

---

૧. હૈયાની લાગની. ૨. પશ્ચાત્તાપ. ૩. પરમાત્માને.

મજનૂં: **હક્કની**[1] ખાતર તમે રબ્બની નારાઝીની બાબત છોડી દો તો બહેતર, ફિરિશ્તા! તમારી લાંબીચોડી વાતો વિચારવાને નથી અહીં બિલ્કુલ જગાહ યા ફુરસદ! વિચારી શકયો છૂં તે **માલકની મરઝી** મુતાબિક[2] જ છે અને તે તમને કહેલૂં છે. ખુદ રબ્બનો જ પયગામ અહીં મળી ચૂકેલો છે ને તે ગનીમત છે. વગર **ઇશ્ક** ત્હારો કે બીજા કોઇનો પયગામ નાકબૂલ છે. બોલ - બોલ - હવે કંઈ કહેવૂં છે?

ફિરિશ્તો: અહસાનમંદ છૂં ત્હારો, **મજનૂં!** ખુલ્લૂં કહેવા માટે! અને -

મજનૂં: (વચ્ચે બોલી ઉઠે છે.) માનો ના મ્હારો અહસાન, ફિરિશ્તા! ગુઝારો શુક્ર **નેક નામ માલેકના!**

ફિરિશ્તો: એ તો ઠીક છે! માલૂમ છે અમને બધૂં યે, **મજનૂં!** મગર બોલ - બોલ - હવે

તૂની. ૨. અનુસાર.

તો પૂછૂં છૂં ત્હને ખુલ્લું જ ! તૂં આટલી બધી તકલીફ શા માટે ઉઠાવે છે , વારૂ ? આ ઠંડી – આ ધૂપ – આ જંગલ – આ તપ – એ બધી તકલીફ શાને માટે , વારૂ ?

મજનૂં : તકલીફ ? !

ફિરિશ્તો : તો નહીં ? **મજનૂં !**

મજનૂં : નહીં જ ! બેશક , નહીં જ ! જેને જેની તલબ[1] છે , તે જ તે કર્યા કરે છે . મ્હને જેની તલબગારી છે તે જ હૂં કર્યા કરૂં છૂં : અને , બિરાદર ! **સિવાય સાચી તલબ તો હરકોઇ ઇન્સાન કશૂં જ કરી શકે નહીં .**

ફિરિશ્તો : અને , શૂં તૂં કોઈ પર આશક થયેલો નથી ?

મજનૂં : આશક ? અલબત્ત , **આશક !** મગર **આશક**[2] હોયા વગર આદમ જાત ખરી હયાતી કદિ જીવી શકે નહીં , ઇઝરાઇલ જેને **ખરૂં જીવવૂં હોય તેણે આશક જ થવૂં જોઇયે .**

૧ . આતુરતા . ૨ . પ્રેમી – ભક્ત .

ફિરિશ્તો : એ વાત બરાબર છે, **મજનૂં**! મગર તૂં તો – પેલી **લેલાંનો** – મિસરના **કાઝી** સાહેબની દુખ્તર[1] **લેલાં** પર આશક છે! બોલ! સાચૂં બોલ, **મજનૂં**! શું તૂં તેનો જ આશક નથી? તેનો જ જોગી નથી?

મજનૂં : **તેનો** જ છૂં – **તેનો** જ છૂં – અલ્બત્ત, **તેનો** જ છૂં – અવ્વલઆખિર **તેનો** જ છૂં, ઓ ફિરિશ્તા! લે … લ્! લે … લ્! લે … લુલ્હક્ક!

ફિરિશ્તો : અને, ઓ **દીવાના**! એટલા માટે જ હૂં ત્હને ગફલતમાં જોઉં છૂં.

મજનૂં : લેલલ્હક્ક! … લેલલ્હક્ક! લે … લલ્હક્ક! –

ફિરિશ્તો : એ જ ગફલતની નિશાની છે. **અનલ્હક્ક** છોડીને **લેલલ્હક્ક** પુકારે છે એ જ ત્હારી ચૂકની સાબીતી પૂરી છે. પિછાન – પિછાન હજી પણ ગફલતને પિછાન, ને દુરુસ્ત કર ત્હારી જહાલત[2], ઓ **દીવાના**!

---

૧. દીકરી. ૨. અજ્ઞાન.

મજનૂં : નહીં ! બિરાદર ! ' લૈલહક્ક ' પુકારૂં છૂં ને એ જ પૂરેપૂરૂં વાજિબ[1] છે. મેહબૂબ[2] માલેક છે ને તેનો જ કાબૂ મ્હારા દિલ પર પૂરેપૂરો છે. એ જ માલેક એક હક્ક[3] છે ને એ જ હક્કનો ખયાલ હરહમેશ કર્યા કરૂં છૂં. ચૂક નથી – ચૂક નથી – બિલ્કુલ ચૂક નથી. સમજમાં તફાવત છે, ફિરિશ્તા!

ફિરિશ્તો : અને સમજમાં તફાવત એટલે જ ત્હારી અક્કલમાં ખરેખરી ખામી ! ખુદાએ ત્હને પેદા કર્યો તે ભૂલી જાય છે, ઓ બેકદર માણસ ! અને ઓરત જાતને માલેક માને છે, બેવકૂફ ! ને ઔર કહે છે કે ' ચૂક બિલ્કુલ નથી '!! વાહ ! રે! દીવાના ! વાહ!

મજનૂં : કબૂલ છે – કબૂલ છે – અક્કલમાં ખામી કબૂલ છે. ખુદાએ મ્હને પેદા કર્યો કે ખુદની ખુદીએ[4] પેદા કર્યો એ બાબત તૂં ધારે છે એટલી ટૂંકી નથી, ફિરિશ્તા ! મગર કહે તો ખરો જરા કે તૂં પોતે તો બેખુદા[5] નથી ને?

---

૧. વાજબી. ૨. હૃદયમૂર્ત્તિ. ૩. સત્. ૪. અહંભાવે.
૫. નાસ્તિક.

ફિરિશ્તો: એખુદા હૂં ? – હૂં ? મ્હને પૂછે છે ! અય હુશિયારી ! –

મજનૂં : ઠીક ! ભલા ! ઠીક ! તૂં તો દીનદાર છે, ઈમાનદાર છે, ત્હારા પેદા કરનારને યાદ કરનાર છે ને ઔર હુશિયાર છે – ગાફિલ નથી ! તો એ પેદા કરનારથી તૂં તો વાકેફગાર જ હોઇશ, કાં ?

ફિરિશ્તો: ખુદ ઈરમ ગુલઝારથી[1] તો ચાલ્યો આવૂં છૂં – ત્યાંનો હરદમનો રહેનારો છૂં ને વાકેફગારીનૂં પૂછે છે મ્હને !! વાહ ! (હસે છે.)

મજનૂં : ઓહો ! ત્યારે તો તૂં કહીશ જ કે તે ક્યાં છે ?

ફિરિશ્તો: ક્યાં છે ? ખુદા ક્યાં છે ? બેહિશ્તમાં[2] છે ! ને બેહિશ્તમાં જ નહીં, પણ ઝમીં, આસ્માં ને દરિયાવમાં એવી કોઈ પણ ચીઝ યા જગાહ નથી કે જેમાં તે પાક

---

૧. દેવોના નન્દનવનથી. ૨. સ્વર્ગમાં.

પરવરદીગારનૂં અજબ નૂર[1] મોજૂદ[2] ન
હોય ! ક્યાં છે – ક્યાં છે શૂં પૂછે છે ?
ઓ મજનૂં ! તે તો બધે છે – બધે છે,
ને બધાંમાં છે, દીવાના !

મજનૂં : અને ત્યારે, ઓ ઈઝરાઈલ ! મ્હારા
દિલની માલેક લેલાંમાં ?

ફિરિશ્તો : (અટકતો અટકતો.) બેશક, તેનામાં
– પણ – છે – છે – તો – ખરો – સ્તો.

મજનૂં : હૂં તેનામાં તેને જ જોઉં છૂં – તેને – તેને
કે જેને તૂં ખુદા કહે છે – તેને જ પિછાનૂં
છૂં ને તેને જ ઝુકૂં છૂં[3]. એ અજાયબ
નૂરની ઝાંખીમાં ગળી જાઉં છૂં. એ
નૂરને ઝુકવામાં તકસીર કરૂં છૂં ? બિરાદર !

ફિરિશ્તો : (જરા વાર વિચારીને.) એમાં તો કંઈ
ચૂક દેખાતી નથી, પણ – તૂં તો એ
લેલાંને મળવાને માટે જાણે ઘેલો ઘેલો
બનીને આમ ઝૂરી મરે છે, મજનૂં !

૧. જ્યોતિ. ૨. હાઝર. ૩. નમૂં છૂં.

મજનૂં : અને એ **એ** નૂરનૂં તરસ્યૂં દિલ **એની** જ ઝાંખી[1] માટે બંદગી[2] કરતૂં, **એના** જ હુકૂમ મુતાબિક[3] તડપ્યાં કરે, એ લાલચ ગેરકાયદે[4] છે એમ કહી શકે છે તૂં? ઓ ફિરિશ્તા!

ફિરિશ્તો : નહીં; એમાં તો કંઈ **મ**ઝહબી[5] કાનૂન મુજબ ગેરશિરસ્તે[6] લાગતૂં નથી, મગર ત્હારી **માશૂક** લેલાં તો ઓરત જાત છે અને ઓરતના ઈશ્ક એ બદીની બદી છે. તૂં જો કે –

મજનૂં : (એને બોલતાં અટકાવીને.) અફસોસ! અફસોસ! અફસોસ! શૂં ફિરિશ્તાઓનાં ચશ્મ[7] પણ ખુલ્લાં થયેલાં નથી જ હોતાં? નવાઈ છે – નવાઈ છે ફિરિશ્તાના ચશ્મની ને ફિરિશ્તાના દિલની આવી અંધારી હાલત જોઈને! યા લેલ્ – યા લે.... લૂ!

ફિરિશ્તો : સબુર! સબુર! ઓ **દી**વાના! સબુર! તૂં એવૂં જ બોલે છે ત્યારે હવે તો

૧. દર્શન. ૨. પ્રાર્થના. ૩. પ્રમાણે. ૪. અશાસ્ત્રીય. ૫. શાસ્ત્રીય. ૬. માર્ગવિરુદ્ધ. ૭. નેત્ર.

ખરી જ વાત કહૂં છૂં. જે ઓરતની ખાતર તૂં આ મુજબ તપે છે ને જેણે ત્હારા બદનના આવા હાલહવાલ કીધા છે, તેની જ પાસે હૂં થોડા વખ્ત અવ્વલ હતો : બંધ તો ત્હારી જ આંખો છે, ઓ ઘેલા ! – મ્હારી આંખો તો ખુલ્લી છે ને ખુલ્લી નઝરે મ્હેં જાતે જોયેલૂં છે કે **મઝ્ઝા** શરીફમાં પોતાના પેદરની[1] સોબતમાં એ અમનચમન કરે છે – ત્હારી યાદી કે પરવાથી તદ્દન બેફિકર ને ઔર બેકદર ! તૂં શૂં જાણે એ વાત?

મજનૂં : ચુપ ! ચુપ ! ભલા ! ચુપ ! આવી બેહુંદી ઝબાં વાપરીને તૂં ચાહે છે શૂં ? ફિરિશ્તાની આંખ જ ક્યાં છે ત્હારે ? અને રોશનીને[2] જે અંધારૂં જુવે એની સાથે તો બોલવૂં જ શૂં ?

ફિરિશ્તો : એમ ના બોલ, **મજનૂં** ! એમ ના બોલ ! ત્હારી બહુ દયા આવે છે મ્હને ને તેથી જ, ઓ બિરાદર ! હવે જરા બાબતવાર કહૂં છૂં. ખફા થઈશ નહીં,

---

૧. બાપની. ૨. પ્રેમના જ્યોતિને.

પ્યારા બિરાદર ! લૈલાં કાંઈ એવી ખૂબસૂરત નથી, કે જેના પર ફિદા થઈને ત્હારા જેવા નવજવાન્ આદમીએ આખી ઝિન્દગાનીની પાયમાલી કરવી પડે ! અને વળી, તૂં જ્યારે એને ખાતર આટલા આટલા સખ્ત સિતમ[1] ત્હારી ખુદની ઝિન્દગી પર ગુઝારે છે, ત્યારે એ બેકદર છોકરી તદ્દન બેફિકરજ રહીને મઝ્ઝામાં મઝેદારી ઉડાવે છે! આરામમાં ખુશમિજાઝ રહે છે ! આ વાત–

મજનૂં : (વચ્ચે જ બોલી ઉઠે છે.) બસ–બસ ! ઇઝરાઈલ ! બસ ! સમજ્યો છૂં અને બહુ સારી રીતે સમજ્યો છૂં. આવી હલકી વાત સિરફ[2] દુનિયાદારીની જ – તૂં ક્યાંથી લઈ આવ્યો છે ? એ તો નાદાનોને જ ડરાવી શકે ! અલબત્ત, એ અકારી છે મ્હને, મગર ગુસ્સે થવાને એમાં કશૂં સબબ નથી; કાં કે, એથી નુકસાન કોઇને કશૂં જ થવાનૂં નથી. એથી તો દિલમાં ઔર કુરશતી[3] જાગે છે ! મગર

1. ઝુલમ. 2. માત્ર. 3. જાગ્રતિ.

ઓ મહરબાન ફિરિશ્તા ! હવે તો ખામોશ મુનાસિબ છે. ભલે તૂં પોતાને ફિરિશ્તો અગર પયગમ્બર કહેવરાતો હો પણ –

ફિરિશ્તો : (વચ્ચે બોલે છે.) કહેવરાતો નથી, મજનૂં ! ખુદ પરસ્તાનથી[1] આવૂં છૂં. જોતો નથી આ પાંખો ? (ફિરિશ્તો પોતાની પાંખો ફફડાવી બતાવે છે.)

મજનૂં : પાંખો તો ઘણી જોયેલી છે, ફિરિશ્તા ! મગર પાંખો હોવા છતાં **આંખો નથી** એ જ અન્તયખી છે ! ઇશ્કના બેમૂલ[2] નૂરની[3] ખૂબસૂરતી[4] આંકવાને જે અફસોસી ભરેલી કોશિષ ત્હેં કીધી છે, તે ઉપરથી જ, અય બેદિલ ! ત્હારી લિયાકતનો[5] ખયાલ એકદમ આવી જાય છે. તૂં બેસમજને લીધે આ મુજબ બોલતો હોય, તો ત્હને યાદી આપવી જોઇયે કે ત્હારી ઝબાંમાં[6] જરૂર કોઈ શયતાન છે, અગર તો આમ હોવૂં ન

૧. દેવોના દેશમાંથી. ૨. અમૂલ્ય. ૩. પ્રકાશનૂં. ૪. સૌન્દર્ય. ૫. પાત્રતા. ૬. જીભમાં.

ઘટે, બિરાદર! ત્હારી આંખ જો ત્હારી પોતાની જ હોય, તો ખરેખર ફિરિશ્તાઓની આલમને માટે પણ ઘણૂં ઘણૂં **સત્ય** જાણવાનૂં હજી બાકી જ રહેલૂં છે – કે તૂં ઠગે છે મ્હને? રે! બિરાદર! ઉલટૂં જ જુવે છે બધૂં! કે રમાડે છે મ્હને તૂં? ઓ ઇઝરાઈલ! લેલલ્હક્ક! લેલલ્હક્ક!

ફિરિશ્તો: (ગમ્ભીર ચહેરો કરીને.) હૂં તો કંઈ સમજતો નથી. ત્હારે કહેવૂં હોય તે કહે. મ્હેં તો જોઈ શકાય તેવૂં જોયૂં ને જેવૂં જોયૂં તેવૂં ત્હને કહ્યૂં. પણ આ 'લેલલ્હક્ક–લેલલ્હક્ક' શૂં લવે છે? મસ્તાનોના મુર્શિદ[1] પેલા **મન્સૂરશાહે અનલ્હક્કનો** પુકાર તો સૂલીએ ચ્હડીને સમજાવેલો પણ '**લેલલ્હક્ક**'ની આવી **નવી** પોક પાડનારો **દીવાનો** તો તૂંને જ દીઠો! કોઈ **નવો** જ **જોગી** તૂં તો દેખાય છે! બિરાદર!

મજનૂં : અને, ઇઝરાઈલ! **હકીતમાં નવૂં તો કશૂં જ પેદા થતૂં નથી. નવૂં થતૂં**

---

૧. ગુરૂ.

દેખાવૂં, એમાં જોનારની નઝર એ જ સબબ છે. આહા! જોગીઓની તે જમાત અને મસ્તીનો શરાબ પીધેલા ઈશ્કના તે બન્દાની સાચી દિલ્દાર એઈન્! વારૂ, એ ઇશ્કની ત્હને પૂરી યાદગીરી રહી શકી છે? આ આલમ આખી – તેના તમામ દાના ફિલ્સુફો[1] ને કાઝીઓ[2] – સારી જહાં ખિલાફ[3] – ખિલાફ! ને રાહે ઇશ્કમાં શરમઆબરૂને લાત મારનારી, આશકની યારીમાં ઇમાનદારીથી ઘુમનારી તે નશાબાઝ છોકરી એઇન્ – એકલી એઈનૂ – એઈન્ – અલ્હક્ક – એઇનલ્હક્ક! ખિલાફ – ખિલાફ – ત્હારા જેવાની ફિલ્સુફી ખિલાફ! ને બસ એક એઇનલ્હક્ક! યાદ છે તૂંને, ઓ ઇઝરાઈલ! યાદ છે એ મામલો?

ફિરિશ્તો: યાદ છે, મજનૂં! યાદ છે – હરકોઈ ફિરિશ્તાને હમેશ જ યાદ છે – ખુદાના એ નેક દોસ્ત મન્સૂરનો તમામ કિસ્સો યાદ છે. મગર એથી શૂં?

૧. પંડિતો. ૨. શાસ્ત્રીઓ. ૩. અસત્.

મજનૂં : એથી એ જ કે દિલ્દાર એઈનૂની દિલ્લગી[૧] એ હુસ્ને માલેક[૨] છે – હુસ્ને અલ્લાહ છે. ઇશ્કે એઇન્ ન હતે તો, ઓ ફિરિશ્તા! મન્સૂર મન્સૂર ન હતે. અગર ચશ્મેજિગરની રોશનીથી[૩] ખુદ મન્સૂરને નિહાલ કરનાર ઇશ્કે એઇનલ્હક્ક એક જ છે, અને એ ઇશ્ક એ જ હક્ક છે. આંખ હોય તો તૂં જોઈ શકે કાન હોય તો સાંભળી શકે, દિલ હોય તો ઇતબાર ઠરાવી શકે ને અક્કલ હોય તો કુલ ગુમાવી શકે, ફિરિશ્તા! પાંખો હોય તો ઉડીને દિલના દિલમાં જઇ જોઈ શકે કે અવ્વલ ઇશ્કે એઈન્ ને એ જ અનલ્હક્ક.

ફિરિશ્તો : વાહ! મજનૂં! વાહ! લોકો ત્હને દીવાનો કહે છે, મગર પોતાનો દાવો રુજૂ કરવાની ત્હારી કુનેહ કંઈ ઔર જ છે! અલબત્ત, એ દાવાનો ફેસલો –

મજનૂં : દાવો? દાવો તો અમલોકને કશો જ હોતો નથી, બિરાદર! અને કદિ કોઇને

---

૧. દિલની લગની. ૨. પ્રજ્ઞાનસૌન્દર્ય. ૩. આન્તર નેત્રના – પરમાત્માના જ્યોતિથી.

હોય તો પણ એ નોંધવાને ફિરિશ્તાઓની
તો બધી જ મહેનત બરબાદ છે ! **આશકનો**
હરેક દાવો **માશૂકના** દિલને દફતરે
ઇશ્કની સુર્ખીથી છપાયલો હોય છે ને
દરમ્યાનગીરી તો, ઈશ્ક વગર, ખુદ
પયગમ્બરની પણ ફોકટ છે ત્યાં તો !

ફિરિશ્તો : **મજનૂં !** ત્હારો દાવો ત્હારી **માશૂકના**
સીનામાં ભલે લખાયલો હો, મગર,
એટલું બધું માન તૂં માશૂકને આપે છે,
તો બોલ – બોલ – કે એ શૂં **ફના** –
ફિ – શય[1]ના હાલ પર ગુઝારો નથી ?
અને એ **જોગી !** તૂં શી રીતે બતાવી
શકે છે કે **ફના – ફિ – શય** એ **નબી** યા
મુસ્તફાના[2] ફરમાન મુતાબિક **સચ્ચાઇના
રાહ** પર છે ? **માશૂકની** નિગહબાની પર
ઝિન્દગાનીનો ગુઝારો કરવો એ કયા
કલમાના કાનૂનની વાત છે ?

---

૧. કોઈ પણ વસ્તુમાં લેહ લગાડીને પૂરેપૂરૂં હોમાઈ જવૂં, એને **ફના – ફિ – શય** કહે છે. ૨. પયગમ્બર – પ્રેરિત પુરુષ.

મજનૂં: હા; એ જ! એ જ! કલમે ઈશ્ક[1]!
'ફના – ફિ – શય' તો તું કહે છે,
ફિરિશ્તા! બન્દા તો ફના – ફિ – દિલ[2]
કહે છે ને ઔર કહે છે કે ફના – ફિ –
દિલ એ જ ફના – ફિલ્લાહ[3] છે – અને –

ફિરિશ્તો: (વચ્ચે જ બોલે છે.) અજબ છે,
મજનૂં! અજબ છે! પોતાની માશૂકને
માલેક માનવી અને તેના ફર્માનને
રબ્બનૂં[4] ફર્માન કહેવૂં એ અજબ છે!
ઓરતના ઈશ્કને તૂં ઈશ્કે ઇલાહી[5] તરીકે
સાબિત કરવા ચાહે છે, કાં? ભલા!
રોજે અઝલનો[6] કરાર તો જરા યાદ
કર! – યાદ કર કલમે શરીફની આયત:[7]

"લા' ઇલા' ઇલ્લિલ્લાહ ...."[8]

મજનૂં: લેલલ્લ્હક્ક! લે .... લ .... લ્હક્ક .... !

---

૧. પ્રેમનૂં શાસ્ત્ર. ૨. પોતામાં પોતે ખોવાઈ જવૂં – આત્મસમર્પણ તે ફના – ફિ – દિલ. ૩. પરમાત્મામાં અર્પણ. ૪. પરમાત્માનૂં. ૫. પરમાત્મપ્રેમ. ૬. અનાદિ કાળનો. ૭. કુરાનનો મંત્ર. ૮. 'એક પરમાત્મા સિવાય બીજૂં કોઈ નથી,' એવો કુરાનનો મંત્ર.

ફિરિશ્તો : અરે ઓ પાગલ! ખયાલ કર – ખયાલ કર કે બેખુદા[1] યા કાફર બનનારને વાસ્તે કેવી કેવી નસીહતો[2] ઠરાવેલી છે. શુક્ર ગુઝાર નેક નામ ખુદાના ઉપર, અય ગુમરાહ! બુતપરસ્તી[3] છોડી દે ને ગૌર કર ત્હારી ઝિન્દગાનીનો કે જિબ્રાઇલ[4] ત્હારા શા હવાલ કરશે! કૂચ નહીં કરી શકે તૂં અલ્સેરાત[5] પર ને પડશે એ ખાડીમાં – અલ્ અરફના[6] અંધારા મુલ્કમાં!

મજનૂં : મ્હારી ઝિન્દગાની? ઇઝરાઇલ! 'મ્હારી'? મ્હારી ઝિન્દગીનો તો કશો જ ખયાલ કરવો એ બિલ્કુલ હક્ક નથી – મઝહબે ઈશ્ક મુતાબિક[7] એ જરૂર જ ગેરકાયદે છે. મ્હારે માલેક છે; ને જેને માલેક છે તેને આપખુદી – પોતાની માલ્કી કશી ન હોઈ શકે. માશૂક એ જ માલેક માનૂં છૂં, ફિરિશ્તા! મગર શૂં છે માશૂક? જાણે છે તૂં? ઈઝરાઇલ! માશૂક શૂં છે? આશકનાં જ ચશ્મ જોઈ શકે એવૂં

---

૧. નાસ્તિક. ૨. શિક્ષાઓ. ૩. મૂર્તિપૂજા. ૪. મોતનો દૂત. ૫. વૈતરણી. ૬. નરકના. ૭. પ્રેમધર્મ અનુસાર.

એ ખુદ ખુદાઈ હુસ્ન[1] તૂં જાતે આશક હોયા વગર કદિ ન પિછાની શકે, ફિરિશ્તા! ખુદા એક છે – એક છે ને બેશક એક ખુદા જ છે. કોણ કહે છે કે ખુદા એકથી વધારે છે? લેલ્લહક્ક!

ફિરિશ્તો: મગર ખુદા ઓરત તો નથી જ, ઓ દીવાના!

મજનૂં: ખુદા? ખુદા? ખુદા શૂં છે, એ હરકોઇ ઇન્સાનથી[2] બની શકે તેટલી બધી રીતે ઈશ્કના બન્દાઓ[3] જાણે છે. જેટલૂં આશકો[4] ખુદાને પિછાને છે તેટલૂં બીજૂં કોઇ પિછાનતૂં નથી – પિછાની શકતૂં નથી. ખુદા શૂં છે? શૂં છે ખુદા? ઈશ્ક જાતે ખુદા છે: ખુદા જાતે ઈશ્ક છે. ખુદા અને ઈશ્ક એવી કોઈ બે ચીઝો એકમેકથી અલગ નથી. નથી કોઈ અમુક ચીઝ ખુદા કે નથી કોઇ બુત ખુદા! ખુદા નથી કોઇ હાથપાંવ યા ખુદા

---

૧. પરમાત્મજ્યોતિ. ૨. મનુષ્યથી. ૩. પ્રેમના ભક્તો.
૪. ભક્તો – પ્રેમીઓ.

નથી કોઈથી પેદા થયેલ બદનદાર આસામી!
મગર, **નેક નૂરે ઈશ્ક**[1] **એ જ ખુદા**
છે અને એ જ નૂરે ઈશ્કના મુબારક
ખયાલનો પૂર ફેલાવો એ જ આલમ
તમામની પયદાશનું અસલ સબબ[2] કુલ-
મામાં ફર્માવીને શુરૂ કરેલું છે. ઈશ્કની
બુલન્દ રોશનીથી[3] જેનાં ચશ્મે જિગર[4]
ખૂલેલાં છે તેને તો માલૂમ છે કે,
આલમની હયાતીનું પૂરૂં અને ખરૂં સબબ
ઈશ્ક એક જ છે. આલમ આખી ઈશ્ક
છે ને ઈશ્ક જાતે ખુદા છે. એ નૂરની
બેકદર જહાં એ જ જહાલત[5] છે–
બેઈશ્ક મુલ્ક[6] એ જ દોઝખ[7] છે– ગોયા
એ જ અલૂ અરફનૂં[8] અંધારૂં છે.

ફિરિશ્તો: અરે – પણ એ તો ઈશ્કે હકીકી;[9]
ઓરતનો ઈશ્ક નહીં જ, બિરાદર! બહુ
બોલ્યો છે તું – જરા આરામ લે તો –!

---

૧. પવિત્ર પ્રેમજ્યોતિ. ૨. સર્વ સૃષ્ટિની ઉત્પત્તિનું મૂલ કારણ. ૩. પ્રેમના ભવ્ય પ્રકાશ વડે. ૪. આન્તરનેત્ર–જ્ઞાનદૃષ્ટિ. ૫. અજ્ઞાન. ૬. પ્રેમવિહીન પ્રદેશ. ૭. નરક–નારકી જીવન. ૮. નરકનૂં – નારકી જીવનનું. ૯. પરમાત્મપ્રેમ.

મજનૂં: આરામ ? ઈઝરાઈલ ! આરામ ? કશી જ ગરજ નથી આથી વધારે આરામની મ્હને, ફિરિશ્તા ! આરામ છે – આરામ છે મ્હને, ઈઝરાઈલ ! દિલ્દારના નામની યાદીમાં ને ઈશ્કનૂં[1] જે જામ[2] પીધૂં છે તેની નશાદારીમાં ! ને એ જ ધૂનમાં ખબરદાર છૂં – પૂર હુશિયાર છૂં ! મગર શૂં ત્હેં જ કબૂલેલૂં નથો કે ઈશ્કની દિલ્દાર લેલાંમાં ખુદ ખુદાઇ નૂર જ ઝગઝગે છે ? ઈન્કાર કરી શકે છે તૂં એમાં રોશન થતા[3] અજાયબ ચેરાગનો[4] ?

ફિરિશ્તો: અને, નથી કહ્યૂં મ્હેં ત્હને, ઓ મજનૂં ! કે રબ્બનૂં નૂર[5] જેમ હરેક ચીઝમાં, હરેક જગાહ પર છે તેમ તેનામાં પણ છે; મગર એ ઓરતના બદનમાં એવી ખાસ ખૂબસૂરતી ઔર —

મજનૂં: ખૂબસૂરતી ? ચુપ ! ચુપ ! ખૂબસૂરતી શેને કહે છે તૂં, ઓ ઈઝરાઈલ ! સિવાય

૧. પ્રેમનૂં. ૨. પ્યાલૂં. ૩. પ્રકાશતા. ૪. દિવ્ય જ્યોતિનો. ૫. પરમાત્માનૂં જ્યોતિ.

નૂરે ઇશ્ક[1] બીજૂં શું જ્યાહે ખૂબસૂરત છે યા હોઇ શકે? દિલ્બર મ્હારી — નૂરે જહાં[2] — આ ચશ્મે જિગરની રોશની! નથી નથી એ ખૂબસૂરતી સીનોાઇ પ્હાડ[3] પર! ચેરાગેહતૂરથી[4] અજબ છે — ઔર અજબ છે એ ખૂબસૂરતી! અને ઓરતનૂં બદન? ખયાલ કર — ખયાલ કર, ભલા! કે જે ચશ્મ એ નૂરને ખુદ બ ખુદ પીએ છે તે શૂં ઓરતનૂં બદન જુવે છે? જે આંખ દીદારેઈશ્કને[5] હઝમ કરે છે તે આંખનો ત્હને કશો યે ખયાલ છે? બદનની ખૂબસૂરતી યા બદસૂરતી એ દુનિયાદારીનો વેપારી મામલો કયાંથી દાખિલ થયો ત્હારા ફિરિશ્તાના દિલમાં?! ઉઘાડ — ઉઘાડ ત્હારા દિલનો દરવાઝો, ઓ બેઈશ્ક ઇઝરાઇલ! ને ખયાલ કર ગોયા મિટ્ટીની ચીઝની ખૂબસૂરતી જાતે તો મિટ્ટી નથી ને મિટ્ટીની આંખે જોયેલી તસવીર તમામસાચે સાચી નથી. અક્કલની સિલક હોય તો એકન્દર ખર્ચી નાંખ ને

૧. પ્રેમજ્યોતિ. ૨. વિશ્વનો પ્રકાશ. ૩ – ૪. ઇસ્લામી પયગમ્બરોને એ પ્હાડો ઉપર બ્રહ્મજ્યોતિનો સાક્ષાત્કાર થયેલો. ૫. પ્રેમદર્શનને.

દરિઆફ્ત કર[૧] કે ઓરતમર્દ તે મિટ્ટીનાં
બન્યાં બદનમાં છે અગર અર્વાહમાં ?[૨]

ફિરિશ્તો : ખરે, મજનૂં ! તૂં બહુ મસ્ત આદમી
દેખાય છે !

મજનૂં : મસ્ત ? મસ્ત તો માલેક એક જ છે
અને જે જિગર તેની આંખના શરાબનૂં એક
બુન્દ[૩] પણ ચાખે છે તે જાતે જ શરાબની
મસ્તીમાં ગુમ થઇ જાય છે; મગર પૂછે છે
ત્હને ઈશ્કનો આ ખાદિમ[૪], ઓ ઈઝરાઇલ !
કે ઈશ્કના જોગીઓ યા દિલ્દારના આશકો
જો મસ્તીની મૌજ નહીં ઉડાવે તો તાકાત છે
શૂં બાઝારના બકાલોની યા દુનિયાદારીના
કીડાઓની કે શરાબ જેવી અજબ ચીઝને
હઝમ કરી શકે-રે ! આંગળી યે અડાડી
શકે ? એ ચીઝ જાતે કીમિયો[૫] છે ને એને
હઝમ કરવાની તરકીબ[૬] પણ ખાસ છે.

ફિરિશ્તો : વાહ ! દોસ્ત ! વાહ ! મગર, મજનૂં !
ત્હારી મેહબૂબે[૭] નવાઝયો છે તૂંને આ ખાક

---

૧. ધ્યાનથી સમજી લે. ૨. આત્મામાં (અર્વાહ = રૂહ = જીવ; એનૂં બ. વ.) ૩. બિન્દુ-ટીપુ. ૪. સેવક. ૫. રસાયન. ૬. યુક્તિ. ૭. હૃદયમૂર્તિએ.

ને આ ફકીરીથી, તો ભલે તૂં એનો હમેશનો અહસાનમન્દ રહે! 'ફના-ફિ-શય'ના હાલનો તૂં ઈન્કાર[1] કરે છે તો લાઝિમ છે કે ત્હારે 'ફના-ફિ-શેખના'[2] હાલનો ઈકિરાર[3] કરવો. ત્હારી માશૂકનો તૂં મુરિદ[4] બન્યો હોય તો ભલે, બિરાદર! તૂં એને મુર્શિદ યા ઉસ્તાદ[5] તરીકે કબૂલે. મગર ગેરમુનાસિબ છે-બેકાયદે[6] છે તે એ જ કે તૂં માલેક માને છે એને કે જેને પેદા કરનાર કુલ ઝમીં, આસ્માં ને દરિયાવનો ધણી છે.

મજનૂં: હૂં માલેક માનૂં છૂં-રે-માલેક તરીકે ખુદ પિછાનૂં છૂં એને કે જેને પેદા કરનાર ઝમીં, આસ્માં ને બેહિશ્ત વ દરિયાવમાં કોઇ છે જ નહીં-જે જાતે ખુદને પેદા કરે છે, સિર્ફ પોતાની મર્ઝી મુતાબિક,[7] બેગિન્તી નામે ને બેગિન્તી શિકલે[8]!

---

૧. અસ્વીકાર. ૨. ગુરુમાં સર્વસ્વાર્પણ કરવૂં, એને ફના-ફિ-શેખ કહે છે. ૩. સ્વીકાર. ૪. શિષ્ય. ૫. ગુરુ વા શિક્ષક. ૬. અનુચિત-અશાસ્ત્રીય. ૭. માત્ર સ્વેચ્છાથી. ૮. અગણિત નામે ને અગણિત રૂપે.

મ્હારે **માલેક** તે છે કે જેને રગે રગે ને દમ બ દમ હૂં પિછાનૂં છૂં. કોઇથી બનાવ્યો બનતો નથી એ – **ઈશ્ક** – **ઇઝ**-રાઇલ ! **ઈશ્ક**ની **માલેકી** કબૂલૂં છૂં. શેખ નહીં, મુર્શિદ યા ઉસ્તાદ નહીં મગર **માલેક** ખુદ **ઈશ્ક** **એક** જ છે ને બન્દો તેનો જ ગુલામ છે. ઇશ્કનૂં **નામ** છોડીને, ઇન્સાન જો આરામ[1] ચાહે તો તેનો હર દાવો જૂઠો જ સમજવો, **ફેરિશ્તા** ! આ ફિદ્દ્વીના[2] હાલને જેને જે પાલવે તે નામ આપે તેથી એ બેતમા છે. કોઈ ફના – ફિ – **શેખ** કહે યા ફના – ફિ – **શાય** કહે અગર જેની અક્કલમાં ઉતરે તે કહે મગર અક્કલની ને ઈશ્કે ઇલાહીની[3] વચ્ચે ઝમીં ને આસ્માંથી પણ વધારે છેટૂં છે. **ઈશ્ક જાતે** **અલ્લાહ છે** – **અલ્લાહ જાતે યકીન્દારી**[4] છે અને એ જ ફના – ફિલ્લાહની[5] ગરમી વ રોશની[6] લેલલ્હક્ક – લેલલ્હક્ક પુકારે છે.

---

૧. **શાન્તિ**. ૨. સેવકના. ૩. બુદ્ધિની અને **પરમાત્માના** **પ્રેમની**. ૪. **પ્રભુ** પોતે **શ્રદ્ધા** છે. ૫. **પરમાત્મામાં** સર્વ-સ્વનૂં **સમર્પણ** તે 'ફના – ફિલ્લાહ.' ૬. ઉષ્મા ને **પ્રકાશ**. (**આન્તર સવિતાનાં**.)

ફિરિશ્તો : અરે – એ તો બુતપરસ્તી[1] – ઓ નાદાન્ ! શરીઅત – તરીકત[2] કંઈ ન્હડ્યો છે કે નહીં ? નાહક્ક છે બુતપરસ્તી સાચા ઇસ્લામીને તો, મજનૂં !

મજનૂં : મિટ્ટીને જોનારી આંખ મિટ્ટીને જ જુવે ને પત્થરને જોનારી આંખ પત્થરને જ જુવે એમાં ઇલાઝ કોઇનો કશો જ નથી, બિરાદર ! અને ઇસ્લામી ? ઈસ્લામ એટલે કાયમનો આરામ[3] અને કાયમના આરામનો જે ખરો ઉમેદવાર છે તેણે તો, દર્દને અને ઝખમને[4] હઝમ કરીને, મિટ્ટીની આંખને હકીકતની આંખ બનાવવાનો કીમિયો પેદા કરેલો જ હોય છે. શરીઅત – તરીકતના કાનૂનની સત્તા મુલ્કેઇશ્કમાં[5] બરતરફ છે, ફિરિશ્તા ! શરીઅત મિટ્ટીના મુલ્કની ચીઝ છે ને આશકો તેની પેલી પારના મુલ્કના રહેનારા છે. અસલ હકીકતની[6] નઝરે અહીં

---

૧. મૂર્તિપૂજા. ૨. કર્મકાંડ – જ્ઞાન. ૩. સનાતન શાન્તિ. ૪. મુમુક્ષુતા અને હરિવિરહની સ્થિતિ. ૫. પ્રેમપ્રદેશમાં. ૬. મૂલ પ્રજ્ઞાનની – અવ્યક્ત બ્રહ્મની.

તો બધૂં દેખાય છે ને હકીકતમાં બુત-
પરસ્તીને જગા જ નથી.

ફિરિશ્તો : હકીકતની નઝર ?

મજનૂં : બેશક, હકીકતની નઝર, અને હકીકતની
નઝર એ જ એક આબાદ કીમિયો છે કે
જે આંખબદલીને રસ્તે હર ચીઝને તેના
અસલ નૂરમાં રોશન કરે છે – હવસના[1]
ગુલામને ઈશ્કનો બન્દો બનાવે છે, હેવાન-
ને ઇન્સાન બનાવે છે, ઇન્સાનને આશક
બનાવે છે ને આશકને ખુદ બ ખુદ
માશૂક બનાવે છે – અરે ઇશ્કના નૂરમાં
યક્તન[2] બનાવે છે.

ફિરિશ્તો : ત્હારી ઝબાન[3] જ સમજાતી નથી,
મજનૂં! તૂં શૂં બોલે છે આ બધૂં ? ત્હારા
ભમેલા મગઝની વાતોથી પણ મઝેદારી
મળે છે, બિરાદર !

મજનૂં : અલ્બત્ત, એ જ રાસ્ત છે, સબબ
આશકની ઝબાન[4] સિરફ઼ ઇશ્કથી જ

૧. કામનાના. ૨. અભિન્ન. ૩. ભાષા. ૪. પ્રેમની
ભાષા.

સમજી શકાય છે અને ભેજુ ગુમાવ્યા સિવાય આશક થવૂં બની શકતૂં જ નથી. મઝેદારી કહે છે તૂં? ઈઝરાઇલ! માલેક જાતે એ ખુદ બ ખુદ[1] મઝેદારી[2] વ ખુશબખ્ત્રી[3] છે અને તે જ હર જગાહ પર ને હરદમ મોજુદ છે. મઝેદારી યા ખુશબખ્ત્રી વગર બીજૂં કશૂં જ પેદા થયેલૂં નથી આ આલમની અન્દર યા બહાર. એ મઝેદારી તે જ ખૂબસૂરતીમાં છે; એ જ ખૂબસૂરતી ચશ્મેજિગરમાં[4] છે; એ જ ચશ્મેજિગર નૂરેઇશ્કનાં[5] બન્યાં છે. જે કોઇ ચાહે તે ચશ્મેહક્ક[6] ખોલી શકે છે. દૂર નથી — દૂર નથી આસ્માન્ યા બેહિશ્ત જેટલે દૂર જવાને કશી જરૂર નથી:—

'ગલેકી રગસે હક્ક નઝીક હૈગા!'[7]

ફિરિશ્તો: હા! કેવા ઢંગનો આદમી છે તૂં? કોઇ મઝહબ[8] જ માનતો દેખાતો નથી!

---

૧. સ્વયં. ૨. ઉલ્લાસ. ૩. આનન્દ. ૪. આન્તરનેત્ર — જ્ઞાનદૃષ્ટિ. ૫. પ્રેમજ્યોતિ. ૬. પરમ સત્‌ની દૃષ્ટિ. ૭. ગળાની રગથી પણ પરમાત્મા વધારે નજીક છે. ૮. શાસ્ત્ર.

સૂફી છે તું? કે ભૂલેલો છે? લોકો કહે
છે એવો બેવકૂફ તો લાગતો નથી!

મજનૂં: હું? ક્યાં છૂં હું? કોણ છૂં હું? જેની
આંખ જે જોઇ શકે તે જુવે એમાં કોઈ
શું કરે? અને સૂફી? સૂફી છૂં, રિન્દ[1]
છૂં, ફકીર છૂં, જોગી છૂં, આશક છૂં–
બધૂં યે છૂં, બિરાદર! બધૂં યે છૂં!
ભૂલેલો? ભૂલેલો દેખાતો હોઉં ત્હને તો
ભૂલેલો, અને ભૂલ્યા વગર કોણ રાહદારી
મુકામે પહોંચી શક્યૂં છે? મગર તૂંથી
ભૂલો પડવાને તો ચાહતો નથી જ,
ઈઝરાઈલ! મઝહબેઈશ્કનો કબૂલનારો છૂં–
જે છૂં તે છૂં, ફિરિશ્તા! શી રીતે કહૂં,
કે શું છૂં? તાકાત નથી કોઈની યા ખરૂં
તો ઝબાં[2] જ નથી એ અજબ બયાં[3] બોલ-
વાને! લે .... લલ્હક્ક! લેલલ્હક્ક!

ફિરિશ્તો: બસ, મજનૂં! બસ! મ્હારી ખાતરી
છે કે બેહિશ્તની મૌજમઝા ત્હારે
કિસ્મતે લખેલી નથી મગર એથી ઉલટૂં

૧. છકેલો – મસ્ત. ૨. ભાષા. ૩. વર્ણન.

જ ત્હારે ભોગવવાનું છે, નહીં તો મ્હારી
સાથે આવ્યા વગર તું રહે જ નહીં. હજી
પણ સમજ અને કર પેશકદમી[1] ! શામિલ
થા હમારા મઝહબમાં[2] ને કબૂલ કર
દીનદારી[3], દીવાના ! જો બચવું હોય તો !

મજનૂં : ઈશ્ક વગર બીજા કોઇ દીન[4] યા ઇમાનને[5]
આશકો[6] મચક આપતા નથી. ઈશ્ક એ જ
મઝહબ છે[7] ને એથી બીજી કોઈ મૌજ વધારે
હોઇ શકતી નથી. ઈશ્ક એ જ આશકનું
કિસ્મત છે ને એ જ આશકનો અંજામ છે.
જે કબૂલવાને આદમ જાત પેદા થયેલી છે તે
તો બન્દો કબૂલી ચૂકયો છે — દિલમાં દાખિલ
કરી ચૂકયો છે ને શામિલ છે રાહદારીમાં
માશૂકનાં મુબારક કદમ તરફ — જ્યાં
શામિલગીરી હોવી જોઇયે હરેક ઈન્સાનની.

ફિરિશ્તો : આદમ જાતને શા માટે પેદા કરવામાં
આવેલી તું સમજે છે ? મજનૂં ! દિલમાં
શૂં દાખિલ કરી ચૂકયો છે તું ? ઓ પાગલ !

---

૧. આગળ થા. ૨. ધર્મમાં. ૩. ધાર્મિકતા. ૪. ધર્મ.
૫. શ્રધ્ધા. ૬ ભક્તો — પ્રેમીઓ. ૭. પ્રેમ એ જ ધર્મ છે.

મજનૂં: મોજૂદ છે કલમે શરીફમાં[1] તવારીખે આદમ,[2] ઇઝરાઇલ! કે ચાહ્યૂં માલેકે અને એ ચાહના મુજબ જ ઝમીંઆસમાન બન્યાં. ચાહ્યૂં માલેકે અને ખુદ બ ખુદ બાવા આદમ બન્યા: આદમની પેદાયશ ખુદ ઇશ્કની થઇ અને તે ઈશ્કમાં શામિલ રહેવા માટે જ. ઈશ્ક એ જ હરેક ચીઝનો જેમ અવ્વલ મુકામ છે તેમ ઈશ્ક એ જ હરેક ચીઝનો છેલ્લો મુકામ છે.

ફિરિશ્તો: ખરેખર, મજનૂં! ત્હારૂં દિલ નઠોર થયલૂં છે અને તેને ઠેકાણે લાવવાને હમારે સખ્ત ઇલાઝ વાપરવાની હવે જરૂર પડશે. ત્હારૂં દિલ —

મજનૂં: (વચ્ચે બોલે છે.) મ્હારૂં દિલ? મ્હારૂં દિલ? મ્હારૂં દિલ મ્હારૂં છે જ નહીં. જ્યાં હૂં જ નથી ત્યાં મ્હારૂં દિલ કેવૂં? જેને તૂં મ્હારૂં દિલ સમજે છે તે તો

---

૧. કુરાનમાં. ૨. મનુષ્યની ઉત્પત્તિનો ઇતિહાસ (જુવો-આર્યોની મનુસ્મૃતિ. જુવો: - एकोऽहं बहुस्याम् ॥ श्रुतिः ॥

દિલ્દારનો નકશો છે યા નક્કલ છે હૂબહૂ !
અસલ તો તે છે કે જે એક જ છે -
છે અને હમેશ જ છે. બદનમાં બદન
તે છે - રુહમાં રુહ[1] તે છે - ગોશ્ત
ભીતર ગોશ્ત તે છે - ખૂન ભીતર ખૂન
તે છે - હડ્ડીએ હડ્ડીએ ને બાલે બાલે
ખયાલે ઈશ્કની એક જ રોશની ઝગઝગી
રહી છે - એ જ રોશની - એ જ નૂર -
એ જ હુસ્ને સનમ - એ જ એ જ
અનામી નામ - લેલલ્હક્ક ! લેલલ્હક્ક !

ફિરિશ્તો : (મ્હોમાં આંગળી ઘાલીને આતુર ચ્હેરે .)
ત્યારે ત્હારે હિસાબે તો - 'ખુદા પણ -
તે જ છે કાં ? ખુદ માલેક જ એ છે , કાં ?

મજનૂં : એમાં બિલ્કુલ શક નથી . " લા ' ઈલા '
ઇલ્લિલ્લાહ "[2] એ કલમે શરીફની
આયતનો[3] ખરો માયેનો જેમ મૌલવીઓ[4]
ને કાઝીઓ જાણુતા નથી તેમ ફિરિશ્તાઓ
પણ એના ખરા માયેનાથી વાકેફ નથી !

---

૧. જીવમાં જીવ. ૨. ' એક પરમાત્મા વિના બીજૂં કશૂં છે જ નહીં, ' એ કુરાનનો મંત્ર. ૩. ઋચા. ૪. શાસ્ત્રીઓ.

તાજ્જુબ ! તાજ્જુબ ! ખુદ રાઝે અનલ્હક્કને[1] ખોલનારી કુરાને શરીફની આયતોનો કેવો ઉલટો માયેનો કરવામાં આવે છે ! અફ્સોસ ! ઈઝરાઈલિ ! અફ્સોસ ! જાણી જોઈને હઠીલા થનારને માટે તો નથી કશી ઉમેદ યા નથી કશો ઇલાઝ ! યા લેલલ્હક્ક !

ફિરિશ્તો : (એકદમ ગુસ્સે થઈને .) તોબાહ ! તોબાહ ! ઉલટો ગુનેહગાર કાઝીને[2] ધમકાવવાને હિમ્મત ધરે છે ! નેકી વ દીનદારી શી ચીઝ છે એ હવે છેલ્લી વખ્ત જ ત્હને યાદ કરાવૂં છૂં – છતાં જો તૂં મઝહબ નાકબૂલ કરશે તો દોઝખમાં સડવાનૂં —

મજનૂં : (હસતે ચ્હેરે .) મ્હને ડરાવવાની તો ત્હારી બધી જ કોશિષ ફોકટ છે, ફિરિશ્તા ! સબબ ડર જેવી કોઈ બાબત હકીકતમાં છે જ નહીં – અને દોઝખ ? જે ઈશ્કને પિછાની ન શકે – જે ઈશ્કની કદર કરી ન શકે અને ઇશ્કનાં કદમની ખાક જે ચૂમી ન શકે તે ત્હારા બેહિશ્તનો રહેનારો હોય તો પણ હકીકતમાં એ

1 . અદ્વૈતના રહસ્યને . 2 . ન્યાયાધીશને .

ઝિન્દગી દોઝખની જ છે – એથી વધારે બુરૂં જહન્નમ કોઈ હોઇ શકે નહીં. તૂં જેને દોઝખ કહે છે ત્યાં આશકને લઇ જાય તો દોઝખ પણ બેહિશ્તથી અવ્વલ બની જાય, એવો ઈશ્કનાં કદમમાં કીમિયો છે. કરી જોજે અખ્તરો ને છોડી દેજે ત્હારી દીનદારીનૂં જૂઠૂં ગુમાન, ફિરિશ્તા !

ફિરિશ્તો : સાંભળ, મજનૂં ! સાંભળ ! ખુદા હોવાનો દાવો અવ્વલ એક નાફરમાન આદમીએ કરેલો, અને તેના પર શા શા સખ્ત સિતમ[1] ગુઝરેલા એ તૂં જાણતો નથી. એનો બધો કિસ્સો[2] ત્હને સંભળાવૂં છૂં.

મજનૂં : બન્દો એથી સારી રીતે વાકેફગાર છે.

ફિરિશ્તો : શૂં જાણે છે તૂં એ વિશે ? મજનૂં !

મજનૂં : મુલ્કે મિસ્રના બાદશાહ ફિર્‌ઑન્‌ માટે કહેવાનૂં છે ને ?

ફિરિશ્તો : હાં, એ જ નાલાયકને માટે બોલૂં છૂં, મગર તૂં શૂં જાણે છે એના વિશે ?

---

૧. ઝુલમ. ૨. વૃત્તાન્ત.

મજનૂં: જાણૂં છૂં કે હઝરત યુસુફ પેગમ્બરના ઝમાનામાં બુતપરશ્તી[૧] મોકૂફ થયેલી તે એણે ફરી જારી કરેલી અને હઝરત યાકૂબ પેગમ્બરની ઔલાદે બુતપરશ્તીનો ઈન્કાર કરેલો એ વાસ્તે વલીદ નામના આદમીએ યાને મિસ્રના બાદશાહ ફિર્ઑને એ ઈમાનદાર લોક પર ગુલામીની ભારે તકલીફ મુકર્રર કરેલી. આ જ વાતને?

ફિરિશ્તો: એથી વધારે છે ને એ જ ત્હને નસીહત[૨] દઈ શકશે, મજનૂં!

મજનૂં: એની તમામ તવારીખ ઃહડેલો છૂં, ફિરિશ્તા! ને ઔર હઝરત ઈબ્રાહીમ પેગમ્બરના વખ્તમાં નમરૂદ નામના શાહે ખુદનુમાઇને[૩] સબબે ખુદા હોવાને ફિર્ઓનની માફક દાવો કરેલો અને છેવટે એમના જે બુરા હાલ થયેલા એ પણ માલૂમ છે. મગર અત્યારે શી નિસ્બત છે એવી વાતો સાથે ત્હારે કે મ્હારે?

૧. મૂર્તિપૂજા. ૨. શિક્ષા. ૩. અહંકારના આવરણને લીધે.

ફિરિશ્તો : નિસ્બત ઘણી છે – ઘણી છે. એ જ કિસ્સાની[1] રૂઇએ તૂં ખયાલ કર કે નમરૂદે ખુદા હોવાનો દાવો કરીને એક ઇન્સાન તરીકે એની નાલાયકી જ પૂરવાર કરી છે અને પેદા કરનાર તરફ ફિતૂર ઉઠાવીને બંડખોર ફિર્‌ઑને પણ આખિરે તોબાહ[2] પુકારેલા પણ તે કબૂલવામાં આવેલા નહીં. અને ઓ ભલા માણસ! ખુદાની બનાવેલી એક મિટ્ટીની પુતલીને – સિર્ફ[3] મિટ્ટીની ચીઝને તૂં ખુદાઈ હોદ્દો આપવાની હિમ્મત ધરે છે તે તૂંને પણ કયામતને રોઝ કેવા સખ્ત સિતમ ગુઝારવા પડશે, એ કિસ્સા ઉપરથી જ દરિયાફ્ત કર[4], ઓ ઘેલા!

મજનૂં : બહારથી દાના વ ઇબાદતી[5] દેખાનાર દુનિયાદારીમાં રચ્યાંપચ્યાં રહેનાર ખુદીમાં[6] જીવતાં હોય છે ને તેથી ઇશ્કની આકરી ગરમીને વેઠી શકતાં નથી. એવા ઉપરથી દાના પણ અન્દરથી મેલા હોવા કરતાં ઇશ્કના ઘેલા થવામાં જ કિસ્મત બડભાગી

---

૧. કથાની. ૨. પશ્ચાત્તાપ. ૩. માત્ર. ૪. ધ્યાનથી સમજણમાં ઉતાર. ૫. જ્ઞાની અને ભક્ત. ૬. અહંકારમાં.

છે, ફિરિશ્તા! દુનિયાદારીને પ્યારી જ.
આંખ મિટ્ટીની છે ને ખુદ ખુદાઇ દીદાર
જોવાને બદલે તે મિટ્ટી જ જુવે એમાં
કોઇનો કશો ઈલાઝ છે જ નહીં. કહેવાનું
કહી શકાય તેટલૂં ઝબાન્ કહી શકે મગર
મ્હારી આંખો ત્હને શી રીતે લગાડૂં?
ત્હારી ખુદીને તૂં છોડી દે ને બેસી
જો મ્હારી ચશ્મની મસ્નદ[1] પર કે
શૂં દેખાય છે ત્હને? ઓ ઈઝરાઈલ!

ફિરિશ્તો: વાહ! તૂં યે કોઇ 'શાએર'[2] દેખાય
છે! મજનૂં!

મજનૂં: 'શાએર'? શાએરને જોવાની આંખ જ
ત્હારે હોય તો તૂં શાએર જુવે, મગર શાએરમાં
ને આશકમાં એક બે મુદ્દાની બાબતમાં
સમજવા જેવો તફાવત છે. કોઇક જ એ
પિછાની શકે છે. શાએરી[3] જેની માશૂક તે
શાએર ને ઇશ્ક જેની માશૂક તે આશક;
એકની માશૂક બહારની કુદરત યાને હસ્તી ને
બીજાની માશૂક અન્દરની કુદરત યાને ખુદ

1. ગાદી. 2. કવિ. 3. કવિતા.

ફિરિશ્તે રાઝે હક્કની[1] ફકીરી શહાનશાહત! એકને ઈલ્મ યાને અકલપરસ્તી[2] કરવાની ને બીજાને ઈશ્ક યાને હકપરસ્તી[3] જ મંઝૂર છે. શાએર એટલે જાદુગર, આશક એટલે માશૂકનું દિલ ને માશૂક ત્હારા અલ્લાહની આંખ.

ફિરિશ્તો : આફ્રીન છે! જોગી ફિલ્સુફ! આફ્રીન! ત્હારી લૈલાં યે કોઈ અજબ છે! શી ફિલ્સુફી –

મજનૂં: (વચ્ચે બોલે છે.)

મૈં લૈલાં હૂં! લૈલાં હૂં! લૈલાં સિરફ્!
ઉલ્ટા પ્હડા મીમ્, લામો અલફ્![4] મૈં લૈલાં૦

(આસપાસનો બધો દેખાવ એકદમ બદલાય છે, વાદળ દૂર થાય છે અને સહી શકાય એવો સૂર્યનો ખુશનુમા પ્રકાશ દશે દિશાઓને અજવાળે છે. લૈલાંના લલિત ને મધુર આવાઝથી ખુદ અલ્લાહ ઇઝરાઈલને કહે છે અને આ આકાશવાણી એ એકલો જ સાંભળે છે.)

૧. બ્રહ્મનાં રહસ્યોની. ૨. બુદ્ધિપૂજા. ૩. બ્રહ્મોપાસના.
૪. અલિફ્ + લામ્ + મીમ્ એ ત્રણ હર્ફનું અલ્લાહનું નામ છે અને તેનો ખરો માએનો માત્ર દેવો જ જાણી શકે છે. (જુવો સૂરતે બકર, કુરાને શરીફ.) આ મંત્ર આર્યોના વેદોમાંનો પ્રણવ મંત્ર – ૐ છે કેમકે વચ્ચેનો 'લામ્' અરબ્બી ભાષાના નિયમાનુસાર શાન્ત રહે છે.